ગત નાણાકીય વર્ષમાં ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગીના દૈનિક દર ચૂકવવાના પરિપત્રની મુદ્દત વધારવા બાબત...

વંચાણે લીધા : ૧) અત્રેની કચેરીના ગત નાણાકીય વર્ષમાં ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગીના દૈનિક દર પ્રકાશિત કરવામાં આવેલ પરિપત્ર નં. ન.કૃ.યુ/કા.ઈ/બી-3/૭૩૬૨/૨૦૧૯ તા. ૨૬/૧૦/૨૦૧૮

## :- પરિપત્ર :-

ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી નવસારી કૃષિ યુનિવર્સિટિના મુખ્ય કેન્દ્રો / પેટા કેન્દ્રોમાં બાંધકામની રિપેરિંગ / રિનોવેશનની કામગીરી માટે વિવિધ કેટેગરીના કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગીના દૈનિક ચૂકવવા પાત્ર દર તા. ૩૦/૬/૨૦૧૯ સુધી મંજૂર કરવામાં આવેલા હતા. હાલમાં નવા દરો નક્કી કરવા માટેની પ્રક્રિયા અત્રેની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ દરમિયાન તમામ યુનિટ/ સબ યુનિટના વડાઓને તેમની કક્ષાએથી બાંધકામની મરામત અને નિભાવણીની કામગીરીઓ કરવામાં મુશ્કેલી ન પડે તે હેતુથી આચાર્યશ્રી કોલેજ ઓફ ફોરેસ્ટ્રિની રજૂઆતને ધ્યાનમાં લેતા જ્યાં સુધી વિવિધ કેટેગરીના ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ બીનકુશળ શ્રમયોગીના દૈનિક દર ચૂકવવા બાબતનો નવો પરિપત્ર અત્રેની કચેરી દ્વારા પ્રકાશિત ન થાય ત્યાં સુધી વંચાણમાં લીધેલ પરિપત્રના ભાવો માન્ય રાખવાના રહેશે.

પ્રસ્તુત આદેશ માં.કુલપતિશ્રીને તા. ૪/૭/૨૦૧૯ ની નોંધ ઉપર મંજૂરી મેળવી યુનિવર્સિટિના હિતમાં પ્રકાશિત કરવામાં આવે છે.

કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટિ,
નવસારી.

જા.નં./ન.કૃ.યુ/કા.ઈ/બી-૩/૪૭૪૫/૨૦૧૯
તારીખઃ- ૦૪/૦૭/૨૦૧૯

**નકલ રવાનાઃ-**

તમામ યુનિટ અધિકારીઓ તથા કચેરીના વડાઓ, નવસારી કૃષિ યુનિવર્સિટિ, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Scanned with CamScanner